©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 01st MAY, 2026/VAISHAKHA 11, 1948 [Issue No. 22

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

આદેશ

નં. એમએજી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૧૧/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે. તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

ઉકત ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ઉમેદવારના ટેકેદારો તરફથી ઈલેકટ્રોનીક મીડીયા માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંટ્રોલ રૂમથી તથા ટીવી ચેનલના રાજ્ય, આંતર રાજ્ય કે આંતર રાષ્ટ્રીય તેમજ રેડીયો નેટવર્ક, સિનેમાગૃહો વગેરેથી કરવામાં આવે છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાની અમલવારી સુનિશ્ચિત કરી શકાય, ચૂંટણી પ્રચાર સમયગાળા દરમિયાન હરીફ ઉમેદવારો, રાજકીય પક્ષો, સામાન્ય નાગરીકો તરફથી આચાર સંહિતાનો ભંગ થયાની ફરીયાદો મળતી રહે છે. આવી ફરીયાદોમાં તથ્ય છે કે કેમ? તે ચકાસી શકાય તથા અત્રેથી બહાર પાડવામાં આવેલ કલમ-૧૬૩ હેઠળના જાહેરનામાનો ભંગ થયેલ છે કે કેમ? તે ચકાસી જો ભંગ થયાનું જણાય તો તાકીદના ધોરણે સબંધિતો સામે યોગ્ય પગલા લઈ શકાય તે માટે નીચે જણાવેલ વિગતે આદેશ કરવો જરૂરી જણાય છે.

સબબ, હું, **રેખાબા સરવૈયા, જી.એસ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના સમગ્ર વિસ્તારમાં સ્થાનિક કેબલ ટીવી નેટવર્ક, ટીવી ચેનલ, સિનેમાગૃહો, રેડીયો, દુરદર્શન કેન્દ્ર, આકાશવાણી કેન્દ્ર, વિવિધ ભારતી પ્રસારણ વગેરે દ્વારા ઈલેકટ્રોનીક પ્રસાર માધ્યમ તરીકે તેઓ તરફથી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુરી થતાં સુધીના સમયગાળા દરમિયાન પ્રત્યેક દિવસે સવારના ૦૬-૦૦ કલાક થી બીજા દિવસના સવારના ૦૬-૦૦ કલાક સુધીમાં કરવામાં આવેલ પ્રસારણની પ્રત્યેક સીડી બીજા દિવસે સવારના ૧૦-૩૦ કલાક સુધીમાં સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રૂબરૂ પહોંચાડી, સીડી પહોંચાડયા બદલ પહોંચ મેળવી રેકોર્ડમાં જાળવવી. જરૂરિયાતના પ્રસંગે ૨૪ કલાક પુરા થતાં પહેલા પણ કરવામાં આવેલ પ્રસારણની સીડી માંગવામાં આવે તો રજૂ કરવી તેમજ આદર્શ આચાર સંહિતાની અમલવારી અર્થે નિયુક્ત નોડલ અધિકારીશ્રી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીએ પણ જરૂરિયાતના કિસ્સામાં તાકીદે કાર્યવાહી કરવી.

આ જાહેરનામુ બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ આદેશની તારીખથી પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ ની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. તેમજ પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ આદેશની તમામને જાણકારી અર્થે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ આદેશનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ આદેશ અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૬-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

પોરબંદર, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) નું જાહેરનામું

હુકમ :

નાં.એમએજી/વશી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૦૧૪-૧/૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : પશા/CGMS/૨૦૨૬/૩૮૩, તા. ૨૭-૦૩-૨૦૨૬ ના પત્રથી રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર ધ્વારા તા. ૦૪-૦૪-૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ થી બપોરના ૧૩-૩૦ કલાક સુધી મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ (CGMS)- ૨૦૨૬ ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિ ઉપર અસર પડવાની સંભાવના હોય તે સંજોગોમાં કોપી રાઈડ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો મોબાઈલ ફોન, ઈલેક ટ્રોનિકસ ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની વિગતે પરીક્ષાર્થીઓને માનસિક પરીતાપ ન થાય, પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસ ભર્યા વાતાવરણમાં યોજાય તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) (એફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ મને મળેલા અધિકારની રૂઈએ પોરબંદરના જિલ્લા ખાતેના સામેલ પરિશિષ્ટ-અ માં દર્શાવેલ કેન્દ્રો ખાતે તા.૦૪-૦૪-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ થી બપોરના ૧૩-૩૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારની ઝેરોક્ષ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/મશીનધારકોએ તેમના ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોના પરિસરમાં કે પરીક્ષા ખંડોમાં ગેરરીતી/ચોરીઓના દુષણો ન થાય તે હેતુથી મોબાઈલ, કેલ્કયુલેટર, ડિજીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ગેરરીતી આચરવા કોમ્યુનીકેશન થઈ શકે એવો કોઈ પણ પ્રકારના સાધનો/ઉપકરણો લઈ જવા પર મનાઈ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૧-૦૪-૨૦૨૬ રોજ મારી સહી તથા સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદરના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ), ૩૭(૩) હેઠળના જાહેરનામા ક્રમાંક : એમએજી/વશી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૩૭(૩)/૦૧૪-૧/૨/૨૦૨૬ સાથેનું

મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ (CGMS) - ૨૦૨૬

પરીક્ષા સ્થળોની વિગત દર્શાવતું

પરિશિષ્ટ-''અ''

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
૧	ચમ મેમોરીયલ પ્રા. શાળા, પોરબંદર	નવા ફુરાવા પાસે, પોરબંદર
૨	ડિવાઈન પબ્લીક સ્કુલ બોખીરા	રીલાયન્સ પેટ્રોલ પમ્પ પાછળ, નેશનલ હાઈવે, બોખીરા, પોરબંદર
૩	જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા ઈગ્લીશ મિડિયમ સ્કુલ (યુનિટ-૧)	ખીજડી પ્લોટ સામે, પોરબંદર
૪	જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા ઈગ્લીશ મિડિયમ સ્કુલ (યુનિટ-૨)	ખીજડી પ્લોટ સામે, પોરબંદર

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
૫	મહારાણી શ્રી બાલુબા કન્યા વિદ્યાલય, પોરબંદર	જુના ફુવારા પાસે, એમ. જી. રોડ, પોરબંદર
૬	માતૃશ્રી કસ્તુરબેન જૈન પ્રાથમિક શાળા	બળેજ, તા. જિ. પોરબંદર
૭	નવયુગ વિદ્યાલય, પોરબંદર	ભાવસિંહજી હોસ્પીટલ પાસે, પોરબંદર
૮	પરિશ્રમ વિદ્યાલય	પુધાર રોડ, માધવપુર, તા. જિ. પોરબંદર
૯	સેન્ટ જોસેફ સ્કૂલ	આદિત્યાણા રોડ, ખાપટ, પોરબંદર
૧૦	શેઠ એન.ડી.આર. હાઈસ્કુલ, માધવપુર	બસ સ્ટેન્ડ પાસે, માધવપુર
૧૧	શ્રી એચ.જે.કે. હાઈસ્કુલ, વિસાવાડા	વિસાવાડા, તા. જિ. પોરબંદર
૧૨	સેન્ટ મેરી સ્કુલ (યુનિટ-૧)	એરોડ્રામ રોડ, રાંધાવાવ રોડ, પોરબંદર
૧૩	સેન્ટ મેરી સ્કુલ (યુનિટ-૧)	એરોડ્રામ રોડ, રાંધાવાવ રોડ, પોરબંદર
૧૪	ગર્વમેન્ટ સેકન્ડરી સ્કુલ	સરકારી હોસ્પીટલ સામે, રાણાવાવ
૧૫	એમ.એમ.કે.હાઈસ્કુલ, રાણાકંડોરણા	રાણાકંડોરણા, તા. રાણાવાવ
૧૬	શ્રી કર્મયોગી પ્રા. શાળા (સ્વામી વિવેકાનંદ વિદ્યાલય)	મંગલમ હોસ્પીટલ પાસે, ઓમનગર, રાણાવાવ
૧૭	ધી વિકટોરીયા ઈસ્લામી મદ્રેસા હાઈસ્કુલ	માલદેવજી ઓડેદરા રોડ, રાણાવાવ
૧૮	શ્રી એમ.વી.મજીઠીયા ગર્લ્સ સ્કુલ, રાણાવાવ	ગોપાલપરા, રાણાવાવ
૧૯	દેવડા હાઈસ્કુલ - દેવડા	દેવડા, તા. કુતિયાણા
૨૦	મહંત શ્રી વિરદાસજી વિદ્યામંદિર - મહીયારી	મહીયારી, તા. કુતિયાણા
૨૧	શ્રી એચ.એચ.ભાયાણી બાલા હનુમાન માધ્યમિક શાળા	નેશનલ હાઈવે, ઉજડ થેપડા, કુતિયાણા
૨૨	ગર્વમેન્ટ હાયર સેકન્ડરી સ્કુલ, કુતિયાણા	બસ સ્ટેન્ડ પાસે, કુતિયાણા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

આદેશ

નં. એમએજી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૧૨/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે. તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

ઉકત ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ઉમેદવારના ટેકેદારો તરફથી ઈલેકટ્રોનીક મીડીયા માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંટ્રોલ રૂમથી તથા ટીવી ચેનલના રાજ્ય, આંતર રાજ્ય કે આંતર રાષ્ટ્રીય તેમજ રેડીયો નેટવર્કથી કરવામાં આવે છે. હાલમાં આ નેટવર્કના નિયંત્રણ માટે કેબલ ટેલીવિઝન (વિનિયમન) અધિનિયમ-૧૯૯૫ તથા કેબલ ટેલીવિઝન નેટવર્ક (વિનિયમો) નિયમો-૧૯૯૪ અમલમાં છે. જે મુજબ જાહેરાત નિયત કરેલ આચાર સંહિતાને અનુરૂપ હોય તે સિવાય કોઈપણ વ્યકિત કોઈ જાહેરાત પ્રસારીત કે પુનઃ પ્રસારીત કરી શકે નહીં. તેમજ જાહેરાતો કોઈ ધાર્મિક કે રાજકીય હેતુ પ્રત્યે દિશા નિર્દેશ કરતી હોવી જોઈએ નહીં તેવી જોગવાઈ છે. ભારતના ચૂંટણીપંચે ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ, શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કોઈ પક્ષ કે સંસ્થા કે ઉમેદવારની તરફેણ કે વિરૂધ્ધમાં કે ચૂંટણી પંચે જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓ વિરૂધ્ધ કોઈપણ ચૂંટણી વિષયક જાહેરાત ઈલેકટ્રોનીકના માધ્યમથી કરવામાં ન આવે તે માટે સંવિધાનના અનુચ્છેદ-૧૪૨ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને તા. ૧૫-૦૪-૨૦૦૪ ના હુકમ ક્રમાંક : ૫૦૯/૭૫/૨૦૦૪/જેએસ/૧ થી નામ. સુપ્રીમ કોર્ટે એસએલપી (સિવિલ) નં. ૬૬૭૯/૨૦૦૪ના કામમાં ઠરાવેલ વિગતે આદેશાત્મક જોગવાઈ કરેલ છે. તેમજ ભારતના ચૂંટણી પંચના તા. ૨૭-૦૮-૨૦૧૨ના પત્ર નં. ૪૯૧/પેઈડ ન્યુઝ/૨૦૧૨/મીડીયા ની માર્ગદર્શક સુચનાઓ અન્વયે અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૩૧-૦૮-૨૦૧૨ ના પત્ર નં. ઈએલસી/૧૦૧૦/૨૩૩(૨)/છથી સુચનાઓ થયેલ છે.

સબબ, ઉકત સુચનાઓની ચુસ્તપણે અમલવારી સુનિશ્ચિત કરવા અને ચૂંટણીના સરળ સંચાલન માટે નીચે મુજબ આદેશ કરવો મને જરૂરી જણાય છે. જેથી હું, **રેખાબા સરવૈયા, જી.એસ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ અપ્રિલ-૨૦૨૬ હેઠળના સમગ્ર વિસ્તારમાં,

૧. ટેલીવવિઝન ચેનલ અને કેબલ નેટવર્ક પર જાહેરાત આપવા વિચારતા દરેક નોંધાયેલ રાજકીય પક્ષ અને ચૂંટણી લડતા ઉમેદવારે આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા ત્રણ દિવસ અગાઉ સબંધિત ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે.

૨. બીજી કોઈ વ્યકિત અથવા બિન નોંધાયેલ રાજકીય પક્ષો, સંસ્થા વગેરેએ આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા સાત દિવસ અગાઉ સબંધિત ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે.

૩. ઈલેકટ્રોનીક ફોર્મમાં સુચિત જાહેરાતની બે નકલ તેમજ તેની યોગ્ય રીતે પ્રમાણીત કરેલ બે નકલ અરજી સાથે જોડવાની રહેશે.

૪. આવી જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વગેરેનું સર્ટીફીકેશન મેળવવા માટેની અરજી સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે. આ અરજીમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવાનો થશે.

(એ) જાહેરાત નિર્માણનું ખર્ચ.

(બી) ઈન્સર્શનની સંખ્યાના વિભાજન અને આવા દરેક ઈન્સર્શન માટે વસુલ કરવામાં આવનાર સુચિત દર સાથે ટેલીવિઝન ચેનલ અથવા કેબલ નેટવર્ક પર આવી જાહેરાતના સુચિત પ્રસારણનું અંદાજીત ખર્ચ.

(સી) મુકેલ જાહેરાત ઉમેદવાર કે ઉમેદવારો પક્ષોની ચૂંટણીની ભાવિ શકયતાના લાભ માટે છે કે કેમ? તે બાબત પણ જણાવવાની રહેશે.

(ડી) જાહેરાત રાજકીય પક્ષ અથવા ઉમેદવાર સિવાયની કોઈ વ્યકિતએ આપી હોય તો તે વ્યકિત સોગંદ પર જાહેર કરશે કે, તે કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવારના લાભ માટે નથી. અને ઉકત જાહેરાત કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવારે પુરસ્કૃત કરી નથી કે સોંપણી કરી નથી કે તેની ચૂકવણી કરી નથી.

(ઈ) બધી ચુકવણી એકાઉન્ટ પેઈ ચેકથી કરવામાં આવશે એવી કબુલાત.

૫. ટેલીકાસ્ટ માટે જાહેરાત, જીંગ્લસ, ઈનસર્શન્સ, બાઈટસનું પ્રમાણપત્ર મેળવ્યા વિના જાહેરાત, જીંગલ્સ, ઈનસર્શન્સ, બાઈટસનું પ્રસારણ થઈ શકશે નહીં.

૬. ચૂંટણી કામગીરી માટે નિયુકત મદદનીશ ચૂંટણી અધિકારીઓ તથા ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ તમામ અધિકારીઓને જાહેરાતોના પ્રસારણ પર દેખરેખ રાખવા માટે અધિકૃત કરવામાં આવે છે. તથા કેબલ ટેલીવિઝન વિનિયમન અધિનિયમ-૧૯૯૫ તે હેઠળના નિયમો તથા નામ. સુપ્રીમ કોર્ટના અને ભારતના ચૂંટણી પંચના ઉકત આદેશ પરત્વે તપાસણી અને સીઝર સહિતની કામગીરી કરવા સત્તા આપવામાં આવે છે.

આ જાહેરનામુ બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ આદેશની તારીખથી પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ની સમગ્ર પ્રકિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. તેમજ પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ આદેશની તમામને જાણકારી અર્થે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ આદેશનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ આદેશ અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૬-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

પોરબંદર, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) નું જાહેરનામું

હુકમ :

નાં. એમએજી/વશી/પરીક્ષા/૩૭(૩)/૦૧૪-૨/૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : પશા/CGMS/૨૦૨૬/૩૮૩, તા. ૨૭-૦૩-૨૦૨૬ ના પત્રથી રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર ધ્વારા તા. ૦૪-૦૪-૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ થી બપોરના ૧૩-૩૦ કલાક સુધી મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ (CGMS)- ૨૦૨૬ ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો આસપાસ લોકો એકત્ર થાય તેમ જણાય છે. જેથી પરીક્ષાર્થીઓને ખલેલ પડે તેવી સંભાવના છે. આ પરીક્ષા શાંતિ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તથા બિનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષાની કામગીરીને દખલ પહોંચાડે નહી તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ અધિકારની રૂઈએ પોરબંદરના જિલ્લા ખાતેના સામેલ પરિશિષ્ટ-અ માં દર્શાવેલ કેન્દ્ર / ઝોનલ ઓફીસ ખાતે તા.૦૪-૦૪-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ થી બપોરના ૧૩-૩૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે ગલીઓમાં બે કે બે કરતા વધારે સંખ્યામાં લોકોએ એકઠા થવું નહીં. સરઘસો કાઢવા નહી, સુત્રો પોકારવા નહી, લાઉડ સ્પીકર કે અન્ય રીતે ઘોંઘાટ થાય તેવી કોઈ કાર્યવાહી કરવી નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૧-૦૪-૨૦૨૬ રોજ મારી સહી તથા સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદરના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ), ૩૭(૩) હેઠળના જાહેરનામા ક્રમાંક : એમએજી/વશી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૩૭(૩)/૦૧૪-૧/૨/૨૦૨૬, તા.૦૧-૦૪-૨૦૨૬ સાથેનું

મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ (CGMS) - ૨૦૨૬

પરીક્ષા સ્થળોની વિગત દર્શાવતું

પરિશિષ્ટ-''અ''

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
૧	ચમ મેમોરીયલ પ્રા. શાળા, પોરબંદર	નવા કુરાવા પાસે, પોરબંદર
૨	ડિવાઈન પબ્લીક સ્કુલ બોખીરા	રીલાયન્સ પેટ્રોલ પમ્પ પાછળ, નેશનલ હાઈવે, બોખીરા, પોરબંદર
૩	જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા ઈગ્લીશ મિડિયમ સ્કુલ (યુનિટ-૧)	ખીજડી પ્લોટ સામે, પોરબંદર
૪	જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા ઈગ્લીશ મિડિયમ સ્કુલ (યુનિટ-૨)	ખીજડી પ્લોટ સામે, પોરબંદર
૫	મહારાણી શ્રી બાલુબા કન્યા વિદ્યાલય, પોરબંદર	જુના કુવારા પાસે, એમ. જી. રોડ, પોરબંદર
૬	માતૃશ્રી કસ્તુરબેન જૈન પ્રાથમિક શાળા	બળેજ, તા. જિ. પોરબંદર
૭	નવયુગ વિદ્યાલય, પોરબંદર	ભાવસિંહજી હોસ્પીટલ પાસે, પોરબંદર
૮	પરિશ્રમ વિદ્યાલય	પુધાર રોડ, માધવપુર, તા. જિ. પોરબંદર
૯	સેન્ટ જોસેફ સ્કૂલ	આદિત્યાણા રોડ, ખાપટ, પોરબંદર
૧૦	શેઠ એન.ડી.આર. હાઈસ્કુલ, માધવપુર	બસ સ્ટેન્ડ પાસે, માધવપુર
૧૧	શ્રી એચ.જે.કે. હાઈસ્કુલ, વિસાવાડા	વિસાવાડા, તા. જિ. પોરબંદર
૧૨	સેન્ટ મેરી સ્કુલ (યુનિટ-૧)	એરોડ્રામ રોડ, રાંધાવાવ રોડ, પોરબંદર
૧૩	સેન્ટ મેરી સ્કુલ (યુનિટ-૧)	એરોડ્રામ રોડ, રાંધાવાવ રોડ, પોરબંદર
૧૪	ગર્વમેન્ટ સેકન્ડરી સ્કુલ	સરકારી હોસ્પીટલ સામે, રાણાવાવ
૧૫	એમ.એમ.કે.હાઈસ્કુલ, રાણાકંડોરણા	રાણાકંડોરણા, તા. રાણાવાવ
૧૬	શ્રી કર્મયોગી પ્રા. શાળા (સ્વામી વિવેકાનંદ વિદ્યાલય)	મંગલમ હોસ્પીટલ પાસે, ઓમનગર, રાણાવાવ
૧૭	ધી વિકટોરીયા ઈસ્લામી મદ્રેસા હાઈસ્કુલ	માલદેવજી ઓડેદરા રોડ, રાણાવાવ
૧૮	શ્રી એમ.વી.મજીઠીયા ગર્લ્સ સ્કુલ, રાણાવાવ	ગોપાલપરા, રાણાવાવ
૧૯	દેવડા હાઈસ્કુલ - દેવડા	દેવડા, તા. કુતિયાણા
૨૦	મહંત શ્રી વિરદાસજી વિદ્યામંદિર - મહીયારી	મહીયારી, તા. કુતિયાણા
૨૧	શ્રી એચ.એચ.ભાયાણી બાલા હનુમાન માધ્યમિક શાળા	નેશનલ હાઈવે, ઉજડ થેપડા, કુતિયાણા
૨૨	ગર્વમેન્ટ હાયર સેકન્ડરી સ્કુલ, કુતિયાણા	બસ સ્ટેન્ડ પાસે, કુતિયાણા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. એમએજી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૧૦/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે. તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ મતગણતરી થનાર છે. સદરહું તારીખથી પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં પોરબંદર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સંમતિથી બીજા કોઈ વ્યક્તિ, કાર્યકર, ટેકેદાર દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તથા ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેવા સંભવ હોય ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે તેમજ સુલેહશાંતિ ભંગ થવા સંભવ હોય ચૂંટણી સરળ સંચાલનના હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો મને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **રેખાબા સરવૈયા, જી.એસ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ચૂંટણીનો ઉમેદવાર, વ્યક્તિ અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યક્તિ દ્વારા કોઈપણ ઉમેદવારના ચૂંટણીના કામે વાહનો પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ અપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર્ડ કરાવવાના રહેશે અને રજીસ્ટર્ડ કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રીન ઉપર અથવા નાના વાહનમાં સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે તથા વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી પાસે કે તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રી પાસે પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઈપણ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના પોરબંદર જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૫-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

પોરબંદર, ૦૫ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

રેખાબા સરવૈયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.25 12:56:39 IST